| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૩-૦૧-૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૧૩-૦૧-૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | : | ૨૮-૦૪-૨૦૨૬ | | |
| અવધિ | : | ૦૦ વર્ષ | ૦૩ માસ | ૧૫ દિવસ |

## ચાણસ્માના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ચાણસ્મા.

રેગ્યુલર દિવાની મુકદમા નં. :: ૧૦/૨૦૨૬

આંક :: ૨૩

**વાદી** ::- કાન્તિલાલ જેઠીદાસ પટેલ, ઉ.વ.આ.૭૩,
રહે.ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ

**// વિરૂદ્ધ //**

**પ્રતિવાદી** ::- જન્મ / મરણ નોંધણી અધિકારી વ તલાટી કમ મંત્રીશ્રી,
ચવેલી ગ્રામ પંચાયત, મુ.ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણ.

**બાબત** : ડેકલેરેશન મળવા અંગેનો દાવો...

| |
|---|
| વાદી તરફે વિ.વ.શ્રી આર.કે.દેસાઈ / એ.ડી.પરમાર |
| પ્રતિવાદી જાતે, |

## // ચુકાદો //

(૧).. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદી મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણના વતની છે. વાદીના લગ્નજીવનથી ૪ સંતાનોનો જન્મ થયેલો. જે પૈકી વાદીની પુત્રી "ગીતાબેન કાન્તિલાલ પટેલ" નો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલો. વાદીની પુત્રીના જન્મની નોંધ કરાવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલ શ્રી એચ.વી.પટેલ હાઈસ્કુલ ચવેલી શાળામાં અભ્યાસ કરેલ છે. જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ તથા જન્મ સ્થળ

ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ દર્શાવેલ છે. વાદીની પુત્રીને પાસપોર્ટ અને વીઝાની તેમજ સરકારી કામકાજ સારૂ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાએ જન્મ નો બનાવ સમયમર્યાદા બહારનો હોઇ સત્તા પહોચતી ન હોઇ કોર્ટ રાહે ન્યાય મેળવી લેવાનું સુચન કરતો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

(૨) આ કામનાં પ્રતિવાદીને દાવાની કાયદેસરની નોટિસ બજેલ છે અને પ્રતિવાદીએ આંક ૦૬ થી વાંધાજવાબ રજૂ કરેલા છે જે ધ્યાને લેતાં પ્રતિવાદીએ મહત્વપુર્ણ રીતે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમને આ અંગે આવી કોઈ નોંધણી કરવાનું નામદાર કોર્ટના આદેશ વિના કોઈ સત્તા ન હોવાનું જણાવેલ છે પરંતુ તેઓ જાતે સુધારો વધારો કરી શકતા નથી તેવુ જણાવેલ છે.

(૩). ત્યાર બાદ આ કામે નિર્ણય માટે આંક-૦૭ થી મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

1.શું વાદી સાબિત કરે છે કે, તેમની પુત્રીનો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ગામ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલ છે અને તે બાબતની તેમના જન્મની નોંધ થયેલ નથી ?

2. શું વાદી દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

3. શું હુકમ અને હુકમનામું ?

(૪). ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

1. હકારમાં.
2. હકારમાં.
3. આખરી હુકમ મુજબ.

(૫).. વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | વાદીનું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૯ | વાદીના સાહેદ પટેલ ડાહીબેન કાન્તિલાલ નું સરતપાસનું સોગંદનામુ |
| ૩ | ૧૦ | વાદીના સાહેદ ગીતાબેન કાન્તિલાલ પટેલ નું સરતપાસનું સોગંદનામુ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | અપ્રાપ્ય પ્રમાણપત્ર |
| ૨ | ૧૩ | વાદીની પુત્રીનું શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ |
| ૩ | ૧૪ | વાદીની પુત્રીના આધારકાર્ડની નકલ |
| ૪ | ૧૫ | વાદીની પુત્રીના ચુંટણીકાર્ડની નકલ |
| ૫ | ૧૬ | વાદીની પુત્રીના પાનકાર્ડની નકલ |
| ૬ | ૧૭ | વાદીના આધારકાર્ડ ની નકલ |
| ૭ | ૧૮ | જાહેર નોટિસ |
| ૮ | ૧૯ | જાહેર નોટીસ બિલ |

(૬) પ્રતિવાદીઓ તરફે કોઈ લેખીત કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી તર્ફે કોઈ ઉલટ તપાસ કરવા માંગતા નથી તે અંગેની આંક ૨૦ થી પુરશીશ આપેલ છે. જેથી વાદીએ આંક ૨૧ થી પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરસીસ આપેલ છે તથા પ્રતિવાદીએ આંક ૨૨ થી ક્લોઝીંગ પુરશીશ આપેલ છે.

**<u>દલીલો ::-</u>**

**વાદી:-**

આ કામે વાદીએ પોતે જે દાવા અરજી લાવેલ છે તેની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને મુખ્યત્વે પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામનાં વાદી મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણના વતની છે. વાદીના લગ્નજીવનથી ૪ સંતાનોનો જન્મ થયેલો. જે પૈકી વાદીની પુત્રી “ગીતાબેન કાન્તિલાલ પટેલ” નો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલો. વાદીની પુત્રીના જન્મની નોંધ કરાવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલ શ્રી એચ.વી.પટેલ હાઈસ્કુલ ચવેલી શાળામાં અભ્યાસ કરેલ છે. જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ તથા જન્મ સ્થળ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ દર્શાવેલ છે. વાદીની પુત્રીને પાસપોર્ટ અને વીઝાની તેમજ સરકારી કામકાજ સારૂ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાએ જન્મ નો બનાવ સમયમર્યાદા બહારનો હોઇ સત્તા પહોચતી ન હોઇ કોર્ટ રાહે ન્યાય મેળવી લેવાનું સુચન કરતો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

તે અંગે ઉપરોકત જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલા છે અને પોતાનો દાવો સાબિત કરેલ હોઈ જેથી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર હોઈ જેથી વાદી પોતાનો દાવો સાબિત કરેલ હોઈ જે ધ્યાને લઈ દાવો મંજુર કરી દાવામાં માંગ્યા મુજબની દાદ આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**પ્રતિવાદી.:-**

જયારે પ્રતિવાદી જાતે હાજર રહી પોતે અગાઉ રજૂ રાખેલ પોતાના દાવા જવાબમાં જણાવ્યા મુજબ જ પોતાની દલીલ છે તેવુ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે આ અંગે તેઓને કોઈ સત્તા નથી. કાયદા તથા નિયત થયેલા નિયમો મુજબ જન્મ કે મૃત્યુ થવાના અમુક સમય સુધી જ જે-તે સંસ્થા નિયમોનુસાર આ અંગે તેમના દ્વારા નિભાવવામાં આવતા રજીસ્ટરોમાં તેની નોંધણી કરી શકે છે અને જો આવો સમય વિતી જાય તો ત્યારબાદ નામદાર કોર્ટના હુકમ વગર આવી કોઈ નોંધણી કરવી શક્ય નથી અને તે અંગે તેઓને કોર્ટના હુકમ વગર કોઈ સત્તા પણ નથી જે મુજબની દલીલો કરેલ છે.

**<u>:: કારણો::</u>**

**<u>મુદ્દા નંબર - ૧ થી ૩-</u>**

(૭) આ કામે તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન ટાળવાનાં હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ તથા ૧૦૫ મુજબ આ મુદ્દાઓ સાબિત કરવાનો બોજો આ કામનાં વાદી ઉપર છે અને તે હકીકત ધ્યાને લેતાં, સૌ પ્રથમ તો વાદીની પુત્રીનો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૨ ના રોજ ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણ મુકામે થયેલ છે કે કેમ તે વિચારવાનું રહે છે. વાદીએ આ અંગે તેની દાવા અરજીના સમર્થનમાં પોતે મૌખિક પુરાવો આપેલ છે તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલા છે જે ધ્યાને લેવામાં આવે તો આ અંગે ચવેલી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ દાખલો તથા સાહેદોની જુબાની વિગેરે રજૂ રાખેલ છે. વધુમાં વાદીએ આંક ૧૩ થી પોતાના પુત્રીનું શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ, આંક ૧૪ થી વાદીની પુત્રીના આધારકાર્ડની નકલ, આંક-૧૫ થી વાદીના પુત્રીના ચુંટણીકાર્ડની નકલ, આંક-૧૬ થી વાદીના પુત્રીના પાનકાર્ડની નકલ તેમજ આંક ૧૭ થી વાદીના આધારકાર્ડની નકલ વિગેરે રજૂ રાખેલ છે. જે જોવામાં આવે તો તેમાં પણ વાદીની પુત્રીનો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૨ તથા જન્મ સ્થળ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ દર્શાવેલ છે. આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો નથી અને આ કામે રજૂ પણ રાખેલ નથી.

વધુમાં હવે વાદીની પુત્રીનો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૨ ના રોજ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલ છે કે કેમ તે મતલબની પ્રતિવાદી સંસ્થાના રેકર્ડ અંગે ચકાસણી કરવામાં આવે તો વાદી દ્વારા પ્રતિવાદી સંસ્થાને વિનંતી કરવામાં આવેલ છે જે અન્વયે રેકર્ડ જોતા આવી કોઈ નોંધણી થયેલ ન હોવાનુ પ્રતિવાદી સંસ્થા દ્વારા

જણાવેલ છે તે બાબતે આંક ૧૨ થી અપ્રાપ્ય પ્રમાણપત્રનો દાખલો પણ આપવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી દ્વારા આંક ૦૬ થી જે જવાબ રજૂ રાખવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તેનાથી પણ વાદીના આ કથનને સમર્થન મળે છે વધુમાં પ્રતિવાદી દ્વારા કોર્ટના હુકમ સિવાય હવે તેઓને આવી કોઈ નોંધણી કરવાની સત્તા રહેતી નથી તેવુ પણ ફલિત થાય છે.

વાદીઓની ઉપરોકત હકીકતને પ્રતિવાદી તરફથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી કે વિરૂધ્ધનો કોઈ પુરાવો પણ રજૂ થયેલ નથી.

(૯) વધુમાં વાદીએ પોતાની દાવા અરજી આંક-૦૧ તથા સોગંદનામું આંક-૮ માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આ કામનાં વાદી મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણના વતની છે. વાદીના લગ્નજીવનથી ૪ સંતાનોનો જન્મ થયેલો. જે પૈકી વાદીની પુત્રી “ગીતાબેન કાન્તિલાલ પટેલ” નો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલો. વાદીની પુત્રીના જન્મની નોંધ કરાવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલ શ્રી એચ.વી.પટેલ હાઈસ્કુલ ચવેલી શાળામાં અભ્યાસ કરેલ છે. જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ તથા જન્મ સ્થળ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ દર્શાવેલ છે. વાદીની પુત્રીને પાસપોર્ટ અને વીઝાની તેમજ સરકારી કામકાજ સારૂ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાએ જન્મ નો બનાવ સમયમર્યાદા બહારનો હોઇ સત્તા પહોંચતી ન હોઇ કોર્ટ રાહે ન્યાય મેળવી લેવાનું સુચન કરતો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

વધુમાં આ અંગે વાદી દ્વારા લોકલ ન્યુઝ પેપર "રત્નમણી" માં વાદીએ કરેલ દાવા તથા તેમાં માંગેલ દાવા બાબતે પબ્લીક નોટીસ પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી જે આ કામે આંક ૧૮ થી રજૂ છે. સદર પબ્લીક નોટીસ અન્વયે કોઈ પણ વ્યકિતને વાદીના આ દાવા અંગે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોઈ તો જાતે અથવા તેમના વકીલ શ્રી દ્વારા હાજર રહેવા જણાવેલ હોવા છતાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર આજદીન સુધી આવેલ નથી. જેથી વાદીના આ દાવાને કોઈપણ રીતે હાલના પ્રતિવાદી સંસ્થા સિવાય અન્ય કોઈ વ્યકિત કે સંસ્થાએ પણ પડકારેલ નથી.

સદર વાદી તથા વાદીના સાહેદો ની પ્રતિવાદી દ્વારા કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી કે તેઓ ઉલટતપાસ લેવા માંગતા પણ નથી. જેથી પ્રતિવાદી સંસ્થા વાદી દ્વારા જણાવેલ હકીકતોનું કોઈપણ રીતે ખંડન કરી શકેલ નથી કે કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવવામાં સફળ રહેલા નથી. ફકત પ્રતિવાદીએ પોતે આંક ૦૬ થી જવાબ રજૂ રાખેલ છે તેમજ આંક ૨૨ થી પોતે ક્લોઝીંગ પુરસીસ આપેલ છે અને પ્રતિવાદીએ જાતે સોગંદ પર કોઈ પુરાવો આપેલ નથી કે વાદીએ સોગંદ ઉપર આપેલ પુરાવા અંગે કોઈ ઉલટતપાસ કરેલ નથી કે આ અંગે કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ પર લાવેલ નથી.

જે તમામ સંજોગો ધ્યાને લેતા વાદી તથા તેમના સાહેદ કે જેઓ વાદીના સગા છે તેઓએ જે સોગંદનામા પર સરતપાસ આપેલ છે તે નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં વાદી દ્વારા જે દસ્તાવેજો પુરાવા તરીકે હાલની દાવા અરજી સાથે રજૂ રાખેલા છે. જે હાલના કામે આંક ૧૨ થી ૧૯ સુધી રજૂ છે જે તમામ દસ્તાવેજો સરકારી દસ્તાવેજો છે અને જે દસ્તાવેજો નહી માનવાને પણ કોઈ કારણ રહેતુ નથી. પબ્લીક નોટીસ આપવામાં આવેલ છે જેમાં એક લોકલ ન્યુઝ પેપર છે તેમાં આપવામાં આવેલ પબ્લીક નોટિસ પરત્વે પણ કોઈ પણ વ્યકિત અત્રેની અદાલત સમક્ષ રૂબરૂ જાતે કે લેખીતમાં કોઈપણ પ્રકારના કોઈ વાંધા તકરાર લઈ ઉપસ્થિત રહેલ નથી કે કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી આવા સંજોગોમાં જયારે આવા દસ્તાવેજો રેકર્ડ પર હોઈ અને સદર દસ્તાવેજો સાચા અને કાયદેસરના હોવાનું માનવાને કારણ રહે છે અને વિરુધ્ધનું કઈ રેકર્ડ પર ન આવતુ હોઈ ત્યારે આવા દસ્તાવેજો નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. જેથી સદર કામે રજૂ થયેલ આંક ૧૨ થી ૧૯ વાળા દસ્તાવેજો સાચા અને કાયદેસરના હોવાનું માનવાપાત્ર રહે છે અને જેના આધારે વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલનો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલ હોવાનું માનવાને કારણ રહે છે અને તે બાબતની જન્મની નોંધ થયેલ ન હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ રહેલા છે.

જયારે વાદી પ્રથમ મુદો પુરવાર કરતા હોઈ જેથી વાદીની પુત્રીનો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ ચવેલી, તા.ચાણસ્મા જી.પાટણ મુકામે થયેલ છે અને તે બાબતની જન્મની નોંધ થયેલ ન હોઈ જેથી વાદીની પુત્રીના જન્મની નોંધ પ્રતિવાદી સંસ્થાના જન્મ રજીસ્ટરે થવી જરૂરી છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જો આવી નોંધ કરવામાં આવે તો કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનું કોઈ નુકસાન થાય તેમ નથી પરંતુ જો વાદીને માંગ્યા મુજબનું પ્રમાણપત્ર ન આપવમાં આવે તો પારાવાર હાલાકી ભોગવવી પડે તેમ છે.

આ કામે હવે જયારે વાદી દ્વારા મુદા નં.૧ પરત્વે પુરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે અને પ્રતિવાદી દ્વારા તેનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી કે અન્ય કોઈ ખંડનાત્મક પુરાવો આપવામાં આવેલ નથી. વધુમાં પબ્લીક નોટીસની પણ પ્રસિધ્ધ કરી દેવામાં આવેલ છે જે આ કામે આંક ૧૮ થી રજૂ છે તે પરત્વે પણ કોઈપણ નો કોઈ વાંધો કે તકરાર આવેલ નથી. આવા સંજોગોમાં જયારે વાદી તેમની પુત્રીના જન્મની નોંધ ન થયેલ હોઈ અને જેથી પ્રતિવાદી સંસ્થા એ મતલબની નોંધ કરી, નવો જન્મનો દાખલો કાઢી આપવા માટેની દાદ માંગેલ હોઈ, વાદીના ઉપરોકત તમામ હકીકતોને પ્રતિવાદી તરફે ખંડનાત્મક પુરાવાથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી. વધુમાં સિવિલ પ્રોસીજર કોડની કલમ-૯ મુજબ આ પ્રકારના દાવા ચલાવવાની અદાલતને સત્તા પ્રાપ્ત થયેલ છે. જેથી આ અંગે માંગ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદર હોવાનું ઠરાવવામાં આવે છે. આવા કિસ્સામાં જયારે વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરવાર કરેલ હોઈ, તે સંજોગોમાં વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા

હક્કદાર બનતા હોઈ જેથી વાદી તેમની પુત્રીના જન્મ અંગેની નોંધ પ્રતિવાદી સંસ્થા પોતાના જન્મ રજીસ્ટરે કરવાનો હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય આવે છે. આમ, વાદી પોતાનો દાવો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલા હોય ત્યારે વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા પણ હક્કદાર બને છે. જેથી મુદ્દા નં.૧ થી ૨ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં.૩ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **// હુકમ //**

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલ નો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ગામ ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણ મુકામે થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે. આથી પ્રતિવાદી સંસ્થાને આદેશ આપવામાં આવે છે કે, વાદીની પુત્રી ગીતાબેન કાન્તિલાલ પટેલ નો જન્મ તારીખ ૧૮/૦૯/૧૯૮૨ ના રોજ મોજે ગામ ચવેલી, તા.ચાણસ્મા, જી.પાટણ મુકામે થયેલ હોવાની વિગતે પોતાના જન્મ રજીસ્ટરે નોંધ કરવી અને નોંધ કર્યા બાદ જન્મનો દાખલો કાઢી આપવો. આ સંબંધી નિયમ મુજબ જે કોઈ ફી ચાર્જ વસુલ લેવામાં આવે તે વાદીએ પ્રતિવાદી સંસ્થાને ચુકવવાની રહેશે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ **૨૮** માહે **એપ્રીલ** સને **૨૦૨૬** નાં રોજ ચાણસ્મા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE: 28-04-2026

PLACE: CHANASMA

**[UMARKHAN GULHAMIDKHAN PATHAN]**
**PRINCIPAL CIVIL JUDGE,**
**CHANASMA-GJ-01574.**

TS